ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૩/૨૨-૨૩/2350 તારીખ : 18 JUL 2022

**કેસ ન ૨૩/૨૨-૨૩**

પ્રતિશ્રી ,
વળીયા નાનજીભાઈ ભાણાભાઈ,
રામપાસરા મંદિર સામે ખાંચો,
ખોખરા પ્લોટ, મહુવા
જી. ભાવનગર.
**મો :૯૯૭૯૬૨૦૮૨૩**

**વિષય : એવન કેટેગરી ખેતીવાડી વીજ કને. રદ કરવા છતાં બીલના નાણા બાકી કાઢવા બાબત.**
**સંદર્ભ** : આપનો પત્ર તા. ૧૮.૦૬..૨૨

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( આર.કે. વેગડા )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**

૨) શ્રી નાયબ ઈજનેર,પ.ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **શહેર મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૨૩/૨૨-૨૩ નો હુકમ**

વાદી વળીયા નાનજીભાઈ ભાણાભાઈ, રામપાસરા મંદિર સામે ખાંચો, ખોખરા પ્લોટ, મહુવા, દ્વારા તેમના ખેતીવાડી વીજ કનેક્શનને પી.ડી.સી. કરાવેલ હોવા છતાં બાકી બીલની રકમ કાઢવાની બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં ઝેડ/ફોરમ/૨૩/૨૨-૨૩/૨૦૧૨ તા.૨૨.૦૬.૨૨ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની શહેર મહુવા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારના કેસની જરૂરી તપાસ કરી અરજદારની પી.ડી.સી. ની અરજી કર્યા પછીની તારીખથી ઉધારેલ રકમ રૂ. ૬૭૪.૦૧ વાદીના ખાતામાં તા. ૦૪.૦૭.૨૨ થી જમા આપવામાં આવેલ છે.તથા સેવામાં ખામી દર્શાવવા બદલ સંબધિત નાયબ ઇજનેરશ્રી નો ખુલાસો માંગવામાં આવેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે.

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમજ તેમના પત્ર ન.૫૦૪૨ તા. ૧૪.૦૭.૨.૨૨ તેમજ વાદીને તા. ૧૪.૦૭.૨૨ ના રોજ ની ફોરમ સાથેની થયેલ ટેલીફોનીક વાતચીતમાં પણ પોતાની ફરિયાદનું નિરાકરણ થયેલ છે તેમેજ તેઓ મુદતમાં હાજર નહિ રહી શકે તે બાબતની પુષ્ટી કરેલ છે. હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

**આમ વાદીની ફરિયાદનો ગુજરાત વીજ નીયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ના ક્લોઝ ન. ૨.૭૧ મુજબ નિરાકરણ કરવામાં આવેલ હોઈ, વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| | **ગેરહાજર** | |
| **(શ્રીમતી જે.એમ. મહેતા)** | **(એ.એ. જાડેજા)** | **(એન. સી. મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

**તારીખ : ૧૬.૦૭.૨૦૨૨**

PGVCL Bhavnagar Grievance Redressal Forum